# પાલનપુર નગરપાલિકા ખાતે સાધારણ સભા યોજાઈ...

**માત્ર પાંચ મિનિટમાં આટોપાઈ વિપક્ષ વિરોધ કરતો રહ્યો : શાસક પક્ષના સભ્યોએ મંજૂર મંજૂર કહી અને સભા પુરી કરી લીધી**

પાલનપુર તા.૧

બનાસકાંઠા જિલ્લાના વડુ મથક પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા તાજેતરમાં યોજાયેલી હતી .જેમાં ફરી એકવાર પાંચ મિનિટમાં સાધારણ આટોપાઈ ગઈ હતી. પાલનપુર શહેરના વિકાસના કામોની ચર્ચા કરવાની બદલે પાલિકાના શાસક સભ્યોએ વિપક્ષનો અવાજ સાંભળ્યા વગર મંજૂર મંજૂર કહી અને સભા આટોપી લીધી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, વિપક્ષના સાધારણ સભામાં ગંભીર આક્ષેપો હતા પાલિકામાં જે નગરસેવકો છે તે જ શહેરમાં કોન્ટ્રાકટર બની ગયા છે!!! અને કોન્ટ્રાકટરના કામ કરે છે તેનો વિરોધ હતો જ્યારે પાલિકા દ્વારા વેરા વધારવામાં આવેલ જન્મ મરણના દાખલામાં રૂપિયા પૈસા વધારાતા તેનો પણ વિરોધ હતો. જ્યારે પાલનપુર પાલિકામાં આઉટ શોર્સિસ કર્મચારીઓના મુદ્દે મસ મોટા ભ્રષ્ટાચારના પણ વિપક્ષના આક્ષેપ હતા .પરંતુ વિપક્ષની એક પણ વાત સાંભળ્યા વગર સાધારણ સભા આટોપાઈ ગઈ હતી. ભાજપ શાસિત પાલનપુર પાલિકામાં શાસક પક્ષોની બહુમતી છે અને બહુમતીના જોરે પાલનપુરના વિકાસના કામોની ચર્ચા થઈ અને બહુમતીથી મંજૂર થઈ હોવાનું પાલનપુરપાલિકાના પ્રમુખનું કહેવું છે. જ્યારે વિપક્ષને પાલનપુરમાં વિકાસના કામોમાં વિરોધ કરવાની ટેવ પડી છે એટલે વિપક્ષના તમામ આક્ષેપોને સત્તાધીશો એ ફગાવ્યા હતા.



અંકિતા ઠાકોર વિપક્ષ નેતા પાલનપુર પાલિકાએ જણાવેલ કે,પાલનપુર નગરપાલિકામાં સાધારણ સભામાં પાલનપુરના વિકાસના પ્રશ્નની ચર્ચા દરમિયાન શહેરમાં એક જ એજન્સીને ઘણા વર્ષથી કોન્ટ્રાકટ આપી અને પાલનપુર નગરપાલિકાના સતાધીશો દ્વારા ભાગીદારી કરવામાં આવી રહી છે. સ્થાનિક એવી કેટલીય એજન્સી ઓ છે જે સારી રીતે કામ કરે છે. પરંતુ સત્તાધિશો દ્વારા તેમના અંગત સ્વાર્થ ને લઈને એક જ એજન્સીને કામ આપવામાં આવે છે જે એજન્સીને બ્લેક લિસ્ટ કરવા માટેની અમે માંગ કરી હતી. તેમજ નગરપાલિકા દ્વારા જે જન્મ મરણના દાખલાઓમાં ફીનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે તેનો પણ અમે વિરોધ કર્યો હતો. વિકાસના કામોમાં કોંગ્રેસ હંમેશા સાથે રહે છે પરંતુ પાલિકામાં થતા ભ્રષ્ટાચારોને લઈ અને અમારો વિરોધ હતો. ત્યારે અમારા વિરોધ સામે પણ સતાધીસો એ મંજુર મંજુર કરીને પાંચ જ મિનિટમાં સભાને આટોપી લીધી હતી.

કિરણ રાવલ - પ્રમુખ પાલનપુર નગરપાલિકાએ જણાવેલ કે, આજે સાધારણ સભા માં પાલનપુર શહેરના વિવિધ વિકાસ ના કામો અંગે ની ચર્ચા કરવામાં આવી હતી. વિપક્ષ દ્વારા જે આક્ષેપો લગાવવા માં આવ્યા તે ખોટા છે .વિપક્ષ હંમેશા વિકાસ ના કામો માં વિરોધ નોંધાવે છે.




# પાલનપુર ના પારપડામાં વીજળી પડતા ૦૯ પશુઓના મોત

**વીજ કડાકા સાથે વરસાદને પગલે જન જીવન અસ્ત વ્યસ્ત**

પાલનપુર તા.૧

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કમોસમી વરસાદને પગલે ભર શિયાળે ચોમાસું માહોલ સર્જાયો હતો. જેમાં ભારે વીજ કડાકા સાથે વરસાદ થયો હતો. ત્યારે પાલનપુર તાલુકાના પારપડા ગામમાં વીજળી પડતા ૦૯ જેટલા પશુઓ મોતને ભેટતા પશુપાલકના માથે આભ ફાટી પડ્યું હતું. બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહીના પગલે જિલ્લાના મોટાભાગના વિસ્તારમાં રાત્રિ દરમિયાન વીજળીના કડાકા સાથે વરસાદ થયો છે. જેમાં ખેડૂતો ને રવિ પાકમાં નુકસાન ની ભીતિ સેવાઈ રહી છે. જોકે રાત્રિ દરમિયાન વીજળીના કડાકા સાથે વરસાદ થતાં પાલનપુરના પારપડા ગામે ખેડૂતના પશુઓ પર વીજળી પડતા ૦૯ જેટલા પશુઓના મોત નિપજ્યા હોવાના અહેવાલ સાંપડયા છે. જોકે, અચાનક વીજગાજ સાથે પડેલા વરસાદ વચ્ચે વીજળી ત્રાટકતા પશુઓ ના મોત નિપજતા પશુપાલક ખેડૂતના માથે આભ ફાટ્યું હોય તેવો ઘાટ ઘડાયો છે.



**પાલનપુર સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા**

# G-20 અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ સેમિનાર યોજાયો

પાલનપુર તા.૧

પાલનપુર આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ દ્વારા ૨૨૦ અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ સેમિનારમા વનસ્પતિ શાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ધ્રુવ પંડયાએ વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણ પર વ્યાખ્યાન આપ્યું હતુ. જેમાં પાણીનું મહત્વ, જંગલો બચાવવા આપણે શું કરી શકીએ, કુદરતી સંશાધનો નો નિયંત્રિત ઉપયોગ વગેરે અંગે રસપ્રદ માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના પ્રિન્સીપાલ ડૉ. યોગેશભાઇ ડબગર ઉપસ્થિત રહ્યા હતા.આ સેમિનારમાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર પ્રો. એમ. આર.સોલંકી, પ્રો. કે. પી. પટેલ, પ્રો. હેતલબેન, ડૉ. હરેશ ગોંડલિયા, પ્રો. સુનીલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમને અંતે સમગ્ર ભાગ લેનાર સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓએ પર્યાવરણ સંરક્ષણ માટે પ્રતિજ્ઞા લઈને કટીબદ્ધ થયા હતા.

# આખરે ડામર રોડનું કામ શરુ થતાં લોક રોષ શમ્યો

**ઘોડનાલ-ચાંદરેજ-લીંબ રોડનું ૨ વર્ષ પછી ડામર કામ શરુઃ રૂા. ૯ કરોડના ખર્ચે ૧૦ કી.મી. માર્ગ તૈયાર થશે**

બાયડ, તા.૦૧

બાયડ તાલુકાના ધોડનાલ, વજેપુરાકંપા, ચાંદરેજ, લીંબ, માણેકપુર રોડનું કામ નબળું થતાં અગાઉ અટકાવી દેવામાં આવ્યું હતું. આખરે ૨ વર્ષ પછી ડામરકામ શરુ થતાં લોકરોષ શમ્યો છે. અંદાજીત રુ ૯ કરોડના ખર્ચે ૧૦ કી.મી. માર્ગ તૈયાર થશે જેથી વાહન ચાલકોને વાહનો હંકારવામાં રાહત થશે.



પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લામાં પ્રધાનમંત્રી અને મુખ્ય મંત્રી ગ્રામસડક યોજના હેઠળનાં અનેક કામ ખોરંભે પડ્યાં છે જે કામ થયાં છે તેમાં અનહદ ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાની ફરિયાદો રાજ્ય અને કેન્દ્ર સરકાર સુધી પહોંચી છે. કેટલાક કિસ્સાઓમાં એજન્સી, કોન્ટ્રાક્ટરો અધિકારીઓને ગાંઠતા ન હોવાની છબી જગજાહેર છે. બાયડ તાલુકામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ પાકો રસ્તો ઝંખતા ઘોડનાલ-ચાંદરેજ-લીંબ અને માણેકપુરના લોકો માટે વિભાગ દ્વારા રુ ૯ કરોડથી વધુની ગ્રાન્ટ મંજૂર કરતાં આનંદ છવાયો પરંતુ કોન્ટ્રાક્ટરે લોટ, પાણી, લાકડાં જેવી પ્રારંભિક કામગીરી કરતાં કેટલાંક ગરનાળાં નબળાં અને વાઈડરીંગ કામની નબળી કામગીરી અંગે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન અદેસિંહ ચૌહાણે પુરાવા સાથે ગંભીર ફરિયાદ કરતાં કોન્ટ્રાક્ટર સામે પગલાં લેવાની શરુઆત થઈ હતી. ત્યારબાદ કોઈપણ કારણોસર કામ ખોરંભે પડ્યું. ફરી એકવાર બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન દ્વારા રાજ્ય સરકાર અને વિભાગના મંત્રીને રજૂઆત પછી તાબડતોબ કામ શરુ કરાવવાની રજૂઆત થતાં મંગળવારથી ડામર રોડનું કામ શરુ થતાં ખાસ કરીને ચાંદરેજ, લીંબ અને માણેકપુર વિસ્તારની પ્રજાને લાંબા સમયના અરસા પછી પાકો રોડ નસીબ થયો છે.

## અરજણવાવ-બોરમઠ રોડ ઉપર મંથરગતિએ ચાલતા કામથી લોકરોષ

બાયડ, તા.૦૧

બાયડ તાલુકામાં અરજણવાવ-બોરમઠ રોડ ઉપર કોન્ટ્રાક્ટર મંથરગતિએ કામગીરી કરતા હોવાના આક્રોશ સાથે અરજણવાવના ગ્રામજનોએ રોષ વ્યક્ત કર્યો છે. પોતાને અનુકૂળ હોય તે પ્રમાણે કોન્ટ્રાક્ટર કામ કરતો હોવાથી લગ્નના અવસર તેમજ અન્ય પ્રસંગોમાં અવર જવરમાં હાડમારી ભોગવવાનો વારો આવ્યો છે. મળતી વિગતો અનુસાર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નિયત સમયમાં કામગીરી પૂર્ણ કરવાની હોવા છતાં કોન્ટ્રાક્ટર, અધિકારીઓ અને વહીવટી તંત્રને ગાંઠતા ન હોવાની છાપ ઉપસી રહી છે. કેટલાક કોન્ટ્રાક્ટરો તો ગાંધીનગર સુધી પોતાના સબંધો છે તેવી બીક આપી સ્થાનિક અધિકારીઓને ડરાવી રહ્યા છે. બાયડ તાલુકાના અરજણવાવ-બોરમઠ રોડનું પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજનામાં નવીનીકરણ હાથ ધરવામાં આવ્યું પરંતુ કોન્ટ્રાક્ટરને અગાઉ નબળા કામ અંગે નોટિસો અને નબળું બાંધકામ તોડી નાખ્યા પછી પણ કામગીરીમાં સુધારો આવતો નથી અને હવે મોડે મોડે કામ ચાલુ થયું છે ત્યારે અરજણવાવ ગામના ભાજપના કાર્યકર રવચંદભાઈ પટેલે જણાવ્યું કે કોન્ટ્રાક્ટરે અધુરુ કામ છોડીને છેલ્લા ૪-૫ દિવસથી કામ બંધ કર્યું છે જેથી વાહન ચાલકો અને લોકોને અવર જવરમાં મુશ્કેલી પડી રહી છે. લગ્નસરાની સીઝન અને આ વિસ્તારની પ્રજા ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલી હોવાથી વિભાગના અધિકારીઓને રજૂઆત કરીએ તો પણ સાંભળતા નથી. કોન્ટ્રાક્ટર પોતાની અનુકૂળતા પ્રમાણે કામગીરી કરતા હોવાથી ખેડૂત આલમ પરેશાન છે અને આ અંગે રાજ્યના મુખ્ય મંત્રીને પણ ફરિયાદ કર્યાનું જણાવ્યું છે.

# પ્રાંતિજના બોરીયા સીતવાડા ખાતે શ્રી કેશરભવાની માતાજીનો ૧૯મો પાટોત્સવ યોજાયો...

**મોટી સંખ્યામાં માઇ ભકતો ઉપસ્થિત રહ્યા : હવન આરતી સહિત પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી**



પ્રાંતિજ તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના સીતવાડા બોરીયા ખાતે આવેલ શ્રી કેશર ભવાની માતાજી નો ૧૯ મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રંગે ચંગે ઉજવવામાં આવ્યો હતો . પ્રાંતિજ ના બોરીયા સીતવાડા ખાતે શ્રી કેશર ભવાની માતાજી નો ૧૯ મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમા આ પાટોત્સવ માં ચાર યજમાનો એ લાભ લીધો હતો શાસ્ત્રી વસંત રામ મહારાજ દ્વારા મંત્રોચાર કરી પૂજા અર્ચના કરાવી હતી વડીલો, બાળકો, આમંત્રિત મહેમાનો, દીકરીઓ એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ ભોજન પ્રસાદી નો લાભ લીધો હતો તો કેશર ભવાની યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# બનાસકાંઠામાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ : ખેડૂતો ચિંતાતુર...

**ભર શિયાળે વરસાદી માહોલઃ ૦૭ મી.મી.વરસાદ : રાયડો, એરંડા, ઘઉં, રાજગરો સહિતના પાકોને નુકસાનની ભીતિ**

પાલનપુર તા.૧

સરહદી બનાસકાંઠા જિલ્લામાં હવામાન વિભાગની આગાહીને પગલે મોસમે મિજાજ બદલતા માવઠું થયું હતું. જેમાં શનિવારે રાત્રે તેમજ રવિવારે સવારથી વરસાદી ઝાપટા પડતા ભરશિયાળે ચોમાસા જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. જેને પગલે ખેડૂતોના જીવ તાળવે ચોંટયા છે.

હવામાન વિભાગની આગાહીને પગલે બનાસકાંઠા જિલ્લામાં શનિવારે રાત્રે અમીરગઢ, કાંકરેજ, ડીસા, થરાદ, દાંતા, દાંતીવાડા, દિયોદર, પાલનપુર, ભાભર, લાખણી, વડગામ, વાવ, સુઇગામ સહિતના તાલુકાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં પાલનપુરમાં રવિવારે વહેલી સવારથી સાંજ સુધી ચોમાસા જેવું વાતાવરણ રહ્યું હતું અને સતત ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડ્યા હતા.





**રાયડો, ઘઉં, એરંડાના પાકોમાં નુકસાનની ભીતિ**

કમોસમી માવઠાને પગલે જે ખેતરોમાં રાયડોનો પાક કાપી લઈ ખળામાં પડ્યો છે. તેમજ પાક ઉભો છે તે ખેડૂતના પાકને નુકસાન થવાનો ભય છે. જો કે, ઘઉં અને એરંડા વરસાદ વરસ્યા બાદ જમીન સાથે નમી ગયા છે તે પાકમાં પણ નુકસાન થવાની અને પાક ઓછો ઉતારવાનો પૂરેપૂરો ભય સતાવી રહ્યો છે. આ માવઠા બાદ જો ઠંડી ની અસર વધશે તો પણ ખેડૂતોના પાકને નુકસાન થવાનો ભય સતાવી રહ્યો છે.

**પાલનપુરમાં ચોમાસું માહોલ**

પાલનપુર શહેરમાં શનિવારે રાત્રે તેમજ રવિવારે સવારે ગાજવીજ સાથે વરસતા વરસાદથી ભર શિયાળે ચોમાસા જેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. જેમાં શહેરના માર્ગો પર ઠેર ઠેર વરસાદી પાણી ફરી વળ્યા હતા.

**બનાસકાંઠામાં બે દિવસમાં સર્વત્ર કમોસમી વરસાદ**

જિલ્લામાં છેલ્લા ૨ દિવસમાં અમીરગમાં ૨૨ મિમી, કાંકરેજમાં ૧૪ મિમી, ડીસામાં ૧૦ મિમી, થરાદમાં ૦૪ મિમી, દાંતામાં ૧૬ મિમી, દાંતીવાડામાં ૦૨ મિમી, દિયોદર માં ૧૬ મિમી, પાલનપુરમાં ૦૭ મિમી, ભાભરમાં ૦૮ મિમી, લાખણીમાં ૧૦ મિમી, વડગામમાં ૦૮ મિમી, વાવમાં ૦૪ મિમી, સુઈ ગામમાં ૦૬ મિમી વરસાદ વરસ્યો હતો.

**પાલનપુર માર્કેટયાર્ડમાં અનાજ પલળ્યું**

પાલનપુર પંથકમા ગતરાત્રે કમોસમી વરસાદી ઝાપટાંને પગલે પાલનપુર માર્કેટયાર્ડમાં ખુલ્લામાં પડેલું અનાજ પલળ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે. ખેતીવાડી વિભાગની સૂચના છતાં પાલનપુર માર્કેટ યાર્ડમાં ખુલ્લામાં અનાજ રખાયું હતું. જેથી બેદરકારીને કારણે ખેડૂતો અથવા તો વેપારીઓનો માલ પલડતા નુકસાનની સંભાવના છે. ખેતીવાડી વિભાગની સૂચના છતાં પાલનપુર માર્કેટ યાર્ડના વેપારીઓની બેદરકારી સામે આવી હતી.

# પ્રાંતિજના મોયદ ખાતે સમાજાવવા માટે વચ્ચે પડેલ ભાઈને છરીના ઘા વાગ્યા

**પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બે વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ : જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામનો ભગ થતા પોલીસ ફરિયાદ થઈ : મોયદ ના બે ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ**

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મોયદ ખાતે ભાઈ ના સાથે તેના મિત્રો ઝઘડો કરતા હોય મોટા ભાઈ છોડાવવા વચ્ચે જતા તેવોને છરી ના ઘા વાગ્યા તો બન્ને ભાઈ ઓને ગડદાપાટુ નો મારમારી ઈજાઓ પોહચાડતા ગામનાજ બે ઈસમો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ ના મોયદ ખાતે રહેતા શકુસિંહ સોમસિંહ રાઠોડ ના નાનાભાઈ સિધ્ધરાજ સિંહ સાથે સિધ્ધરાજ સિંહ ના બે મિત્રો શૈલેષ સિંહ સજ્જનસિંહ રાઠોડ તથા પુનમ સિંહ કતુસિંહ રાઠોડ બન્ને રહે મોયદ બાઈક લઈ આવી વાતો કરતા હતા અને અચાનક બોલાચાલી તથા ગાળાગાળી કરી ઝગડો કરતા હોય શકુસિંહ સોમસિંહ રાઠોડ ને ખબર પડતા તેવો સમજાવવા માટે વચ્ચે પડતા શૈલેષસિંહ સજ્જનસિંહ રાઠોડ દ્વારા પોતાના પાસે ની છરી સિધ્ધરાજ સિંહ ને મારવા જતા શકુસિંહ સોમસિંહ રાઠોડ વચ્ચે પડતા શકુસિંહ ને જમણા હાથની કોણીથી ઉપરના ભાગે બાવડા ઉપર તેમજ પીઠના ભાગે ડાબી બાજુએ વાગીહતી તો પુનમ સિંહ ફતુસિંહ રાઠોડ દ્વારા શકુસિંહ સોમસિંહ રાઠોડ તથા તેના ભાઈ સિધ્ધરાજ સિંહ ને નીચે પાડી દઈ ગડદાપાટુ નો માર મારી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા જાહેર માં જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામા નો ભંગ કરતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા શકુસિંહ સોમસિંહ રાઠોડ રહે રહે.મોયદ, રૂપાજીવાસ તા.પ્રાંતિજ , જિ. સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એ કલમ-૧૩૫ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથધરી હતી.

# ડીસા તાલુકા પંચાયતના નવીન મકાનનું ખાતમુહૂર્ત અટક્યું

**જમીનની માંગણી ઓનલાઈનના બદલે ઓફલાઇન કરાતા વિલંબ**

ડીસા, તા. ૧

ડીસા તાલુકા પંચાયતની હાલની કચેરી જર્જરિત હોવાથી તાલુકા પંચાયત કચેરીના નવીન ભવન માટે રૂપિયા અઢી કરોડની ગ્રાન્ટ સરકાર દ્વારા ફાળવવામાં આવી હતી અને તે માટે ડીસાના ન્યુ ટીસીડી ફાર્મ મેદાન પૈકીની શ્રી સરકાર થયેલી જગ્યા નક્કી કરાઈ હતી. જેથી સોમવારે તારીખ ૩૦ જાન્યુઆરીએ કચેરીના નવીન ભવનનું ખાતમુહૂર્ત પણ નક્કી કરવામાં આવ્યું હતું. જોકે આ કચેરી માટે જમીનની ફાળવણી કરવા આઠ માસ અગાઉ સરકારમાં માંગણી માટે અરજી કરવામાં આવી હતી. જોકે સરકારી જમીનની ફાળવણીની માંગણી માટે સરકાર દ્વારા ઓનલાઈન પોર્ટલમાં જ અરજી કરવી તેવો નિયમ ગત વર્ષે ફેબ્રુઆરી માસમાં જ અમલમાં આવ્યો હતો. જ્યારે ડીસા તાલુકા પંચાયત કચેરીની જમીન માટેની માંગણી ઓનલાઈનની જગ્યાએ ઓફલાઈન કરેલી હોવાથી કલેક્ટર દ્વારા હજુ સુધી આ જગ્યાની ફાળવણી કાયદેસર રીતે કરવામાં આવી ન હતી. જેથી જમીન ફાળવણીના મુદ્દાને લઈ હાલ પૂરતી ખાતમુહૂર્તની પ્રક્રિયા અટકાવી દેવામાં આવી છે.



આ અંગે ડીસા તાલુકા વિકાસ અધિકારી આર.એન. રાજપૂતે જણાવ્યું હતું કે, ડીસા તાલુકા પંચાયતની નવી કચેરી માટે જમીનની માંગણીની અરજી ઓફલાઈન કરેલી હતી. જોકે સરકારના નવા નિયમ મુજબ જમીન માંગણી માટે ઓનલાઈન પોર્ટલમાં અરજી કરેલી ન હોવાથી જગ્યાની ફાળવણી પ્રક્રિયામાં વિલંબ થયો છે. જેથી કલેક્ટર દ્વારા જમીન ફાળવણી થયા બાદ તાલુકા પંચાયત કચેરીના નવીન ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

# પ્રાંતિજના તાજપુર પાટીયા પાસેથી બાઈકની ચોરી

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર પાટીયા પાસે પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યા બાઈક ચોર ચોરી જતા બાઈક માલિક દ્વારા પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ ના તાજપુર કુઈ ખાતે રહેતા નવીનભાઈ ઈશ્વરભાઈ પટેલ કે જેવો ગાંધીનગર ખાતે રહેતા સંબધી ને ત્યા લગ્ન મા જવાના હોય તેવો પોતાનુ બાઈક લઈ ઘરેથી નિકળ્યા હતા અને તાજપુર પાટીયા પાસે આવેલ અંબિકા શો મિલના સામે પાર્ક કરી તાજપુર પાટીયા થી બસ મા બેસીને ગાંધીનગર ખાતે ગયેલ અને ત્યાંથી સાજે પાંચ વાગ્યા ના ત્યા પરત આવતા તેવો એ પાર્ક કરેલ તેવોનુ બાઈક ૨ત્ન૧૮મ્હ૭૨૫૬ જેની કિંમત-૧૫૦૦૦ જે તેવોએ પોતાનુ બાઈક પાર્ક કરેલ જગ્યાએ ના મળી આવતા આજુબાજુ તપાસ કરતા ત્યાંથી મળી ના આવતા ગામમા તપાસ કરી હતી અને ત્યારબાદ કોઈ જગ્યાએ થી મળી ના આવતા બાઈક માલિક નવીનભાઈ ઈશ્વરભાઈ પટેલ રહે તાજપુર , જિ. સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૭૯ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથધરી હતી.

**પાર્ક કરેલ બાઇક ચોરતા બાઇક માલિક દ્વારા પોલીસ ફરિયાદ કરી : અજાણ્યા બાઇક ચોર વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઈ**